(23)

સરકારી કર્મચારીઓ માટે ૧૨ અને ૨૪ વર્ષે
ઉચ્ચતર પગાર ધોરણ આપવાની યોજના.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ પગર-૧૦૦૯- ૮૦ -મ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૨ / ૦૮ /૨૦૦૯

વંચાણે લીધાઃ-(૧) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ, તા. ૨-૭-૨૦૦૭

(૨) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૧૧૩-મ, તા. ૧૪-૯-૨૦૦૭

(૩) નાણા વિભાગના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૮-૧-મ, તા. ૧૨-૮-૨૦૦૮

## પરિપત્ર

રાજ્ય સરકારના કર્મચારીઓને ૧૨ અને ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ આપવા અંગે નાણા વિભાગના તા. ૨-૭-૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ થી યોજના દાખલ કરવામાં આવેલ છે. આ બાબતમાં નાણા વિભાગના તા. ૧૪-૯-૨૦૦૭ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૭-૧૧૩-મ તેમજ તા. ૧૨-૮-૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ પગર-૧૦૨૦૦૮-૧-મ થી કેટલીક સ્પષ્ટતાઓ બહાર પાડવામાં આવેલ છે. આમ છતાં આ યોજનાના અમલ તેમજ અર્થઘટનના સંદર્ભમાં જરૂર જણાતા કેટલીક વધુ સ્પષ્ટતાઓ નીચે મુજબ બહાર પાડવામાં આવે છે.

### સ્પષ્ટતાઓ

(૧) જે કર્મચારીઓ ૨૪ વર્ષે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવવાની શરતો પરિપૂર્ણ કરતાં હશે, પરંતુ તેવા કર્મચારીઓને જો, ખાતાકીય પરીક્ષામાં બેસવાની તક જ મળી ન હોય તેમને ખાતાકીય પરીક્ષા પાસ ન કરી હોય તો પણ પાત્રતાની તારીખથી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે. આ રીતે બીજું ઉચ્ચતર પગાર ધોરણ મેળવનાર

કર્મચારીઓએ ત્યારબાદ, તુરત જ યોજાનાર ક્રમીક ખાતાકીય પરીક્ષામાં અનિવાર્યપણે ઉપસ્થિત થઇને નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૨) ૨૪ વર્ષે ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર હોય પણ તે પહેલાં આવા કર્મચારીઓને ખાતાકીય પરીક્ષામાં બેસવાની તક ઉપલબ્ધ થઇ હોય અને ખાતાકીય પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતા હોય પણ તેઓ કોઇ કારણસર ખાતાકીય પરીક્ષામાં બેઠા ન હોય,- મળવાપાત્ર તક જતી કરી હોય તો તેવા કર્મચારીઓને બીજું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે નહીં. પરંતુ જે કર્મચારીઓને ૨૪ વર્ષે જે સંવર્ગનું બીજું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થતું હોય અને ખાતાકીય પરીક્ષામાં બેસવાની પાત્રતા ધરાવતા ન હોવાના કારણસર ખાતાકીય પરીક્ષા આપી શકયા ન હોય તેવા કર્મચારીઓને પાત્રતાની તારીખથી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરી શકાશે. આવા કર્મચારીઓએ ત્યારબાદ તુરત જ લેવાનારી ખાતાકીય પરીક્ષામાં અનિવાર્યપણે ઉપસ્થિત થઇ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

(૩) નિયત તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરનાર કર્મચારીને પાત્રતાની તારીખથી બીજું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે. જ્યારે નિયત તક પછીની તકમાં ખાતાકીય પરીક્ષા પાસ કરનાર કર્મચારીને આવી પરીક્ષા પાસ કર્યાની તારીખથી (પરિણામની તારીખ) જ બીજું ઉચ્ચતર પગાર ધોરણ મળવાપાત્ર થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.બી.દરજી)
નાયબ સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી.
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય.

D:\SRUTI-MD\સે.અ. મ-શાખા.doc8/17/2009

- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓ.
એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
એકાઉન્ટન્ટ જનરલ-૨(એ. એન્ડ ઇ.).ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ/સર્વે જીલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ
સર્વે યુનિવર્સિટી/ બોર્ડ/નિગમ/રાજય સરકારના જાહેર સાહસો.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારી, સ.સ.ન.નિ.લિ., ગાંધીનગર/ વડોદરા.
નિવાસી તપાસણી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ.
સર્વે માન્ય મંડળો.
સીસ્ટમ મેનેજર, નાણા વિભાગ, વેબસાઇટ ઉપર મૂકવા સારૂં.
<u>પસંદગી ફાઇલ, મ-શાખા</u>

- પત્ર દ્વારા.

D:\SRUTI-MD\સે.અ. મ-શાખા.doc8/17/2009